# પ્રકરણ : ૧૧

# ‘મીરાં યાજ્ઞિકની ડાયરી’ (બિન્દુ ભટ્ટ) મનોવિશ્લેષણાત્મક અભ્યાસ

## ૧૧. : મીરાં યાજ્ઞિકની ડાયરી (બિન્દુ ભટ્ટ) : મનોવિશ્લેષણાત્મક અભ્યાસ :

### ૧૧.૧. : સર્જક પરિચય :

બિન્દુ ભટ્ટનો જન્મ રાજસ્થાનના જોધપુરમાં તા. ૧૮/૦૯/૧૯૫૪ ના રોજ થયો છે. તેમણે હિન્દી વિષય સાથે અનુસ્નાતક અને પીએચ.ડી. નો અભ્યાસ કરેલ છે. ૧૯૯૨ માં પ્રગટ થયેલી 'મીરાં યાજ્ઞિકની ડાયરી' નવલકથાથી જ તેઓ ગુજરાતીના આશાવંત લેખિકા તરીકે પંકાઈ જાય છે. ત્યાર પછી તેમની પાસેથી 'અખેપાતર' નવલકથા મળે છે, તે પણ લોકપ્રિય બને છે. તેમણે હિન્દી ભાષામાં પણ સાહિત્યિક યોગદાન આપેલ છે. તેમની પાસેથી હિન્દીમાં 'અદ્યતન' નામની નવલકથા અને 'આજ કે રંગનાટક' નામનો વિવેચનગ્રંથ મળે છે.

તેમણે અનુવાદ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરેલ છે. ધીરુબહેન પટેલકૃત આંધળી ગલીનો હિન્દીમાં અંધી ગલી નામે અનુવાદ કર્યો છે. તો હરિવલ્લભ ભાયાણીના અપભ્રંશ વ્યાકરણનો પણ હિન્દી અનુવાદ કર્યો છે. શ્રીકાન્ત વર્માના કાવ્યોનો તેમણે ગુજરાતી ભાષામાં બીજો પગ પુસ્તકરૂપે અનુવાદ કર્યો છે. તેમની સાહિત્યસેવાને ગુજરાતી સાહિત્ય પરિષદ અને કેન્દ્રીય સાહિત્ય અકાદમી, દિલ્હીએ પુરસ્કારો દ્વારા બિરદાવી છે.

### ૧૧.૨. : મીરાંનું સંવેદનશીલ વ્યક્તિત્વ :

બિન્દુ ભટ્ટની આ પહેલી છતાં ખૂબ જ નોંધપાત્ર લઘુનવલકથા છે. ૧૯૯૨ માં પ્રકાશિત થયેલી આ લઘુનવલનું કથાવર્તુળ નાયિકા મીરાં યાજ્ઞિકના ચેતનાવિશ્વ આસપાસ ઘૂંટાયેલું છે. મીરાં એક ત્યક્તા માતાની પુત્રી છે. તેને નાનપણથી કોઢની બીમારી છે. કોઢના કારણે તે લઘુતાગ્રંથિથી પીડાય છે. તે 'પ્રેમચન્દોત્તર હિન્દી ઉપન્યાસ મેં પ્રેમ એવમ્ વિવાહ કી સમસ્યાયેં'[૧] વિષય પર પીએચ.ડી. કરી રહી છે. આ માટે તેને યુ.જી.સી. તરફથી સ્કોલરશિપ પણ મળે છે.

મીરાં ખૂબ જ સંવેદનશીલ છે. આસપાસના જગત સાથે તેની સંવેદનાનો તાર સતત જોડાયેલો રહે છે. તેણે પોતાની અંગત ડાયરીમાં અનેક સાહિત્યકૃતિઓ અને

કાવ્યપંક્તિઓનો ઉલ્લેખ કર્યો છે. એ જોતાં સાહિત્ય સાથેનો તેનો ઘનિષ્ઠ નાતો સહેજે જણાઈ આવે છે. એમાં ય કથાસાહિત્યમાં તેને ઊંડો રસ છે. તે હરમાન હેસકૃત 'સિદ્ધાર્થ', હજારીપ્રસાદ દ્વિવેદીકૃત 'અનામદાસ કા પોથા' અને 'બાણભટ્ટ કી આત્મકથા', અજ્ઞેયકૃત 'નદી કે દ્વીપ', કૃષ્ણા સોબતીકૃત 'સૂરજમુખી અંધેરે કે', જગદમ્બા પ્રસાદકૃત 'મુરદાઘર' જેવી નવલકથાઓ; અર્ન્સ્ટ ટોલરકૃત 'મેન એન્ડ માસ' નામનું નાટક; વાણી-જયરામના કંઠે ગવાયેલી મીરાંબાઈની પદરચનાઓ તથા ગાલિબની ગઝલોના શેરથી તે પરિચિત છે એટલું જ નહિ, જીવનની રોજિંદી ઘટનાઓને સમજવા-સમજાવવા પણ આ રચનાઓને ઉલ્લેખે છે. સાહિત્ય ઉપરાંત રવીન્દ્રનાથ ટાગોરની 'ચિત્રકલા' ની પણ તે રસિયણ છે. તેના સંવેદનશીલ અને ચિંતનશીલ વ્યક્તિત્વને રેખાંકિત કરી આપતું રમેશ ર. દવેનું નિરીક્ષણ નોંધીએ :

"વાસ્તવમાં મીરાંનું વ્યક્તિત્વ-ચરિત્ર અત્યંત સંકુલ છે. એ જગત અને જાતને પૂરી સભાનતા અને ઊંડી નિસ્બતથી અનુભવે અને ચિંતવે છે. એમાં અનુભવ અને ચિંતનનો વ્યાપ એવો તો વિશાળ છે કે , સ્ત્રી-શરીરને ઢાંકી-ગોપવીને તેના તરફ દાખવવામાં આવતું સદીઓ પુરાણું અસામાન્ય-એબનોર્મલ-વલણ, માનવજાતને પ્રતિપળ વેઠવી પડતી એકલતા અને ઉદાસી,સૌંદર્યના સંતર્પક અનુભવ પછી પ્રગટતી અજ્ઞાત સાથીના તીવ્ર અભાવને ઘૂંટતી વેદના, અન્ય વ્યક્તિ પરત્વે થતા દોષારોપણોની ક્ષણે જ આરંભાતી પોતાની જાત પ્રત્યેની નિર્મમ પણ નરી વિચારશીલ ઊલટતપાસ, તીવ્ર ભાવાવેગની અભિવ્યક્તિ માટે પંગુ સિદ્ધ થતાં શબ્દને જોઈતો સ્પર્શનો સંગાથ, સ્ત્રી-પુરુષ સંબંધોમાંની નિર્હેતુક નિર્દોષતા, આત્મીય સંબંધોમાં કાળક્રમે પ્રગટતી સ્વાતંત્ર્ય અને સ્વામિત્વવૃત્તિ વચ્ચેની રહેંસી નાખનારી ખેંચતાણ તેમજ લગ્નેતર જાતીય સંબંધો અભિવ્યક્તિ ધરાવે છે."[૨]

તેણે લખેલી ડાયરીમાં અનેક ઠેકાણે એના સંવેદનશીલ વ્યક્તિત્વને પ્રગટ કરતા પ્રસંગો નિરૂપાયેલા છે. એમાંનો એક ખૂબ જ નોંધપાત્ર પ્રસંગ જોઈએ :

સલિલ અને રુચિ સાથે 'સસ્તું કિતાબઘર' માં ગયેલી મીરાં ત્યાં એક આઠ-દસ વર્ષના લઘરવઘર છોકરને પોપકોર્ન વેચતો જુએ છે 'બેન, લઈ લો, દસ પૈસા ઓછા આપજો, સવારથી કાંઈ ખાધું નથી. બેન, બોણી કરાવો'"[3] છોકરાની એવી આજીજીથી મીરાંનું હૃદય-મન દ્રવી ઊઠ્યું.

આ સમયે મિત્ર સલિલ મીરાંના આ કૃત્યને અનુલક્ષીને કહે છે : “એક રૂપિયામાં કોઈનું આત્મસમ્માન ખરીદવાનો અધિકાર આપણને નથી”[૪] મીરાં જગદમ્બા પ્રસાદની ‘મુરદાઘર’ નવલકથા યાદ કરતાં કહે છે “પેટની ભૂખ પાસે આ બધી સુફિયાણી વાતો માત્ર મોહક શબ્દજાળ છે. જાત પરથી એમને ખંખેરીને જવાબદારીમાંથી છટકવાનાં બહાનાં છે. આજકાલ મારી નજર કોઈ પણ ગરીબ કે રોગી સાથે ઠાલી નથી અથડાતી, કંઈક ઊઝરડાય છે...”[૫]

અહીં મીરાંની ગરીબો પ્રત્યેની લાગણી અનુભવાય છે તો સાથે સાથે તેના પોતાના સંવેદનશીલ હૃદયનો પણ પરિચય મળી રહે છે. વૃંદા સાથેનો તેનો ઘનિષ્ઠ સંબંધ પણ તેના સંવેદનશીલ વ્યક્તિત્વનો પરિચય કરાવે છે. શાળામાં અભ્યાસ કરતી હતી ત્યારથી કોઢને કારણે તે લઘુતાગ્રંથિથી પીડાતી હતી. તેની શિક્ષિકા વૃંદા તેનામાં આત્મવિશ્વાસનો સંચાર કરે છે. ત્યારથી વૃંદા સાથે તે સખીભાવ ધરાવે છે. મીરાં જન્મથી જ એકલવાયું જીવન જીવતી હતી. એની માતા સિવાય કોઈ સમક્ષ તે મન મૂકીને વાત નહોતી કરી શકતી. કોઢને કારણે શાળાના સહપાઠીઓ તેના મિત્ર બનવા તૈયાર ન હતા. આથી, એકલતા અનુભવે છે. પરંતુ વૃંદાના પરિચય બાદ એની સમક્ષ તે મન મૂકીને વાત કરી શકતી. મીરાંના જ શબ્દોમાં વૃંદાનું તેના જીવનમાં શું મહત્ત્વ છે એ જોઈએ :

“છેલ્લા અઠવાડિયાથી મારી ડાયરી અનિયમિત થઇ ગઇ છે. જાણે વૃંદા નથી, તો મારી ડાયરી પણ મૂંગી થઇ ગઇ ! વૃંદા, મારી ડાયરી જેટલી મારી નજીક. મોકળાશ સાથે, ગેરસનજના ભય વિના મન ખોલી શકાય એવી”[૬]

મીરાં વૃંદા પ્રત્યે તીવ્ર લાગણી ધરાવતી હોય છે કારણ કે વૃંદાએ જ તેને આત્મવિશ્વાસ સાથે જીવતાં શીખવાડ્યું છે. એટલે જ વૃંદાની દરેક ગતિવિધિ અને તેની ઉપસ્થિતિ-અનુપસ્થિતિ સાથે મીરાંના હૃદયના ધબકારાની ગતિ બદલાયા કરે છે. ગીતા નાયકે પોતાના - ‘સંવેદનાની તીક્ષ્ણ ધાર પર ચાલતી મીરાં યાજ્ઞિકની ડાયરી’ નામના અભ્યાસલેખમાં મીરાંના વ્યક્તિત્વની રેખા ખૂબ જ સુંદર રીતે અંક્તિ કરી આપી છે. જુઓ :

“મીરાં, કેવી ? તો કે ચંચલ અસ્ખલિત વહેતાં ઝરણાં જેવી, ચપળ ગતિએ ઉડાઉડ કરતી કાબરચીતરી ‘પંખિણી, સ્ત્રીત્વનાં આંતર સૌંદર્યનાં બહુવિધ રૂપને પામેલી નારી.

સ્વની શોધમાં પોતાને માણતી, પ્રમાણતી બૌદ્ધિક, મનથી તંદુરસ્ત મીરાં, એનાં વ્યક્તિત્વની ગતિશીલતા મુખરિત છે. એ પ્રકૃતિનાં નાજુક રૂપ કે કરાલ સૌંદર્યને એકી વખતે સંવેદી શકે છે. પંખી, પાણી ને પવન એને તરબતર કરે છે. સંગીત, ચિત્ર કે કલાનાં સ્વરૂપોને પૂરી તલ્લીનતાથી ઊંડી સમજ સાથે આત્મસાત્ કરે છે. આર્ટ ગેલેરીમાં કે લાયબ્રેરીમાં કે સેમિનારમાં, કવિ કે કવિતાના સંગમાં હોવું એના વ્યક્તિત્વનું અભિન્ન અંગ છે. છતાં કોઢ નામના રાક્ષસે એકદંડિયા મહેલમાં જેર કરી દીધેલી કુંવરી જેવી મીરાં યાજ્ઞિકની અવસ્થા છે. કોઢગ્રસ્ત દેહથી જરાયે ચલિત ન થતી, કુંઠિત મનોદશાને પણ અતિક્રમી જતી મીરાં ચાહવા જેવી છે. વૃંદા એની પરમ સખી, મીરાંના નગ્ન દેહને જોઈ કહે છે, "જો હું ચિત્રકાર હોત તો તારા ઢગલાબંધ ન્યુડ્સ બનાવત. વોટ એ ફેન્ટાસ્ટીક ફીગર !" અહીં મીરાંનો મર્મસ્પર્શી ઉત્તર સાંભળવા જેવો છે. એ કહે છે, "ચિત્રો બ્લેક એન્ડ વ્હાઈટમાં બનાવવા પડશે"(પૃ. ૪૪) આવા ઉત્તરમાં સ્વભાવની સરળતા, સચ્ચાઈનો, વાસ્તવિકતાનો સબળ સ્વીકાર મીરાંની ગરિમા વધારી દે છે. સફેદ ડાઘને એ 'કોઢ' કહી શકે છે. જાતને પૂછી લે છે. આ કોઢને ભૂલીને જીવું છું એમાં કાંઈ ખોયું તો નથીને ! આમ મરણપર્યંત ન છુટનારી વેદના એણે મીરાંના ઝેરની જેમ જીરવી જાણી છે. મીરાંની આંતરચેતનાનો ત્યાં વિજય છે."[૭]

આ રીતે, ગીતા નાયકે મીરાંના સમગ્ર વ્યક્તિત્વને તેના પ્રત્યેક પાસાં સમેત કંડારી આપ્યું છે.

## ૧૧.૩. : શારીરિક ઊણપથી વકરેલી-વિકસેલી મીરાંની લઘુતાગ્રંથિ :

મનોવિશ્લેષણશાસ્ત્રના સિદ્ધાંતોને અનુલક્ષીને જોતાં ખ્યાલ આવે છે કે મીરાંના ચિત્તમાં જે પ્રકારની લઘુતાગ્રંથિ ગંઠાઈ છે તેની પાછળ તેની શારીરિક ઊણપ કારણરૂપ છે. તે કોઢની બીમારીથી પીડાય છે. તે પોતાની આ શારીરિક ઊણપને ભૂલાવવાની દબાવવાની કોશિશ કરે છે. પરંતુ એ તરફની તેની સાતત્યપૂર્વકની સભાનતા તેના ચિત્તમાં વિકસી રહેલી લઘુતાગ્રંથિની ચાડી ખાય છે. તેની ડાયરીમાં અવારનવાર કોઢ અંગેની તેની સભાનતા અને લઘુતાગ્રંથિ સૂચિત થાય છે. તેની આ લઘુતાગ્રંથિ ડાયરીના પહેલાં જ પાને આ પ્રમાણે સૂચિત થઈ છે :

"અત્યારે રાતનો દોઢ થવા જાય છે. હમણાં જ ન્યૂ ઇયરની પાર્ટી વિખરાઈ. હૉસ્ટેલના સેન્ટ્રલ હૉલમાં ખાણી-પીણી, ગીત-સંગીત અને વિવિધ સ્પર્ધાઓની રમઝટ હતી. હું ક્યારેક કિનારે ફંગોળાઈ જતી તો ક્યારેક પ્રવાહમાં ખેંચાઈ જતી હતી.....

ઉજ્જવલાએ જબરદસ્તીથી મારું નામ વાળની સ્પર્ધામાં લખેલું. મને કહે, 'અલી મણિબેન, જો તારા જેવા સુંદર વાળ હોય તો હું એક એક લટમાં દસને લપેટું...'

'તારી તો વાત થાય ?' કહી હસી કાઢી એને, પરંતુ સ્પર્ધાનું પહેલું ઈનામ લેતાં એક સૂનકાર ઘેરી વળ્યો મને...આ નિતંબપુર કેશપાશમાં કોણ બંધાશે ?.....આ કાબરચીતરા સ્પર્શને ઓળંગીને કોણ પહોંચશે મારા સુધી ?

'કોણ, જો હું પોકાર કરી ઊઠું, સાંભળશે મને....' "[૮]

તે દેહસૌષ્ઠવની દષ્ટિએ સુંદર છે અને તેના વાળ તો એટલા સુંદર છે કે વાળની સ્પર્ધામાં એને પહેલું ઈનામ મળે છે. પરંતુ પોતાના કાબરચીતરા દેખાવને કારણે, કોઢને કારણે કોઈ પોતાને ચાહશે કે કેમ એ અંગે તેની ચિંતા આ સંવાદોમાં બરાબર વ્યક્ત થઈ છે. એમાં તેના દેખાવ પ્રત્યેની તેની નાખુશી અને નાનપ પ્રગટ થાય છે. વૃંદા સાથેના સજાતીય સંબંધની ઋજુ ક્ષણોમાં તે વૃંદાને પૂછવા ચાહે છે કે...

"મને થયું પૂછું, 'વૃંદા, મને સ્પર્શતા, તને બે જુદાં પોતનો અનુભવ થાય છે ?' એને બદલે મેં કહ્યું : ચિત્રો બ્લેક એન્ડ વ્હાઇટમાં બનાવવા પડશે."[૯]

અહીં પણ કોઢ અંગેની તેની સભાનતા સૂચવાઈ છે. બે જુદાં પોત એટલે શરીરનો કોઢગ્રસ્ત હિસ્સો અને કોઢરહિત હિસ્સો. તેને પોતાને જ પોતાના શરીરમાં બે અલગ અલગ પોત વર્તાય છે. તેના મનના આ સંવાદ દ્વારા એવું સૂચવાય છે કે વૃંદા તેના શારીરિક દેખાવ બાબતે શું વિચારતી હશે એ બાબતે તે બરાબર સભાન છે. તો, બસમાં બાજુની સીટ પર બેસનારા અજાણ્યા પેસેંજર તરફના તેના મનોભાવો જુઓ..

"ઘણીવાર મને થાય છે કે હું મારા સફેદ ડાઘને ભૂલી જાઉં છું એ બરાબર છે ? શું મારે યાદ રાખવું જોઈએ કે હું બધાંથી અલગ છું, કંઈક ઊણી છું ?

આજે સાંજે શહેરમાંથી પાછાં વળતાં લાલ દરવાજાથી પંચાવનમાં બેઠી. મેં જોયું કંડક્ટર ધીરે ધીરે ટિકિટ કાપતો હતો, એક એક પેસેન્જર આવે, મારી પાસેની ખાલી સીટ પાસે થોભે અને બીજી ખાલી સીટ દેખતાં ચાલ્યો જાય. લગભગ કાયમ મારી બાજુની સીટ

છેલ્લે ભરાય. ન છૂટકે જ કોઈ મારી બાજુમાં બેસે છે. અને કદાચ એટલે જ હું બાજુમાં બેસનારની નોંધ નહીં લઈને કંઈક વેર વાળ્યાનું સુખ લઈ લઉં છું"[૧૦]

એક સંવેદનશીલ વ્યક્તિ પ્રત્યેનો સભ્ય સમાજનો આવો દુર્ભાવભર્યો વ્યવહાર ખરેખર એ વ્યક્તિની લઘુતાગ્રંથિના ઘાને કદી રૂઝ નથી આવવા દેતો. ઊલટાનો એમનો આવો વ્યવહાર સામેવાળી વ્યક્તિના મનોબળને ભાંગી નાખે છે અને લઘુતાગ્રંથિના ઘાને વધારે ઊંડો બનાવે છે. મીરાંના મનોવ્યાપાર પરથી આ વાતની પ્રતીતિ થાય છે. મીરાં પોતા સાથે સભ્ય સમાજના લોકો દ્વારા થયેલા દુર્વ્યવહાર તરફ બેધ્યાન થવા પ્રયાસ કરે છે. પણ એ સફળ નથી થતી. તે પોતાની અવમાનનાનું વેર વાળવા માટે એ લોકો પ્રત્યે પણ એમની હાજરીની નોંધ નહીં લેવાની દુર્ભાવના સેવે છે. પરંતુ આ દ્વારા વેરભાવ અને અહમ્ સંતોષાયાની તૃપ્તિ કરતાં તેની નિઃસહાયતા, વિવશતા અને લાચારી વિશેષ વર્તાય છે.

## ૧૧.૪. : મીરાં-વૃંદાનો સમલૈંગિક સંબંધ : મનોવૈજ્ઞાનિક અર્થઘટન :

આગળ જોયું તેમ વૃંદા એ મીરાંની શિક્ષિકા છે. પરંતુ શાળામાં બનેલા બનાવ પછીથી બંને એકબીજા પ્રત્યે મૈત્રીભાવ અનુભવે છે. કોઢને કારણે લઘુતાભાવ અનુભવતી મીરાં વૃંદાના આત્મવિશ્વાસના સહારે ઊભી થાય છે. ત્યક્તા માતાના અમાપ સ્નહે, વૃંદાના આત્મવિશ્વાસવર્ધક વ્યવહાર અને પોતાની ધગશને કારણે મીરાં પીએચ.ડી. જેવા ઉચ્ચ કક્ષાના અભ્યાસ સુધી પહોંચે છે.

મીરાં અને વૃંદાનો ગુરુ-શિષ્યાનો સંબંધ પ્રથમ તો મૈત્રીસંબંધમાં પરિણમે છે. પછીથી એ સંબંધ સ્ત્રી-સ્ત્રી વચ્ચેના સજાતીય સંબંધમાં પરિણમે છે. જો કે વૃંદા મીરાં સાથેના પોતાના સજાતીય સંબંધ બાબતે બહુ ગંભીર નથી. તેણી તો પ્રેમી કામાણીસાહેબની અવેજીમાં મીરાં સાથે આ સંબંધ સ્થાપે છે અને ડૉ. અજીતનો સંગાથ મળતા મીરાં સાથેનો સંબંધ તોડી પણ નાખે છે. ડૉ. રાધેશ્યામ શર્મા આ પ્રસંગના અનુસંધાનમાં નોંધે છે :

"વૃંદાના પાત્રમાં કર્તાએ વાત્સલ્ય ભૂખનો દારૂગોળો ભંજારેલો છે જે ડૉ. અજિત જેવો સાથી મળતાં સહજપણે અનુરાગબદ્ધ મીરાંને તરછોડી જાય છે. કામાણીસાહેબની ગેરહાજરીમાં વૃંદા મીરાંને સ્વીકારે છે અને અજિત-મેળાપ પછી મીરાંને છોડે છે ત્યારે મીરાંને પોતાનું 'અવેજીનું અસ્તિત્વ' ખૂંચે છે. તે ફેંકાય છે બચરવાળ વિધુર હિન્દી ભાષી

કવિ ઉજાસ તરફ. આમાં પણ ઉશ્કેરાયેલી મીરાં જાણે સ્નેહસખી વૃંદાને જ, વિરોધ ખાતર પણ અનુસરતી હોય એમ વરતાય. ઉજાસ એને 'હલેબિડ કી મદનિકા' દેખાડવામાં કામયાબ રહે છે"[૧૧]

મીરાંના જીવનમાં આવતા વળાંકો માટે તેનો વૃંદા સાથેનો સંબંધ ખૂબ જ અગત્યનો છે. મીરાંના વૃંદા સાથેના મૈત્રી સંબંધને અનુલક્ષીને શુંભાગી અને મીરાં વચ્ચેનો સંવાદ જુઓ :

" 'આ વૃંદાબહેન તમારા ફ્રેન્ડ છે; અને તમને કાબરી કહે ?'

શું શુભાંગી નહીં જાણતી હોય કે ક્યારેક શબ્દની પણ પાર નીકળી જતો હોય છે સમ્બન્ધ !

એને શું ખબર ? આ 'કાબરી' શબ્દ તો મારા આત્મવિશ્વાસની ધરી છે. એણે જ તો મને વિકૃત મનોદશામાં ફસાવા દીધી નથી."[૧૨]

અહીં મીરાં વૃંદા પ્રત્યે કેટલો આદરભાવ, સ્નેહભાવ, મૈત્રીભાવ અને ધન્યતા અનુભવે છે તેનો ખ્યાલ આવે છે. પરંતુ મીરાંના વૃંદા સાથેના સંબંધને ઘેરા કરુણનો વળ ત્યારે ચડે છે જ્યારે તેણી વૃંદાની શિષ્યા અને મિત્રની હદ વટાવી તેની સાથે સહશયન કરે છે. મીરાં આ સંબંધને બહુ ગંભીરતાથી લે છે. શરીરસંબંધથી જોડાયેલા સ્ત્રી-પુરુષ જેમ એકબીજા પ્રત્યે પોતાનો અનહદ એકાધિકાર કે માલિકીભાવ અનુભવવા લાગે છે. તેમ મીરાં પણ વૃંદા પ્રત્યે એકાધિકાર અને માલિકીભાવ અનુભવવા લાગે છે. તેનો વૃંદારાગ એટલો ગાઢ થતો જાય છે કે તે વૃંદાનો સેજ વિરહ પણ નથી સહી શકતી. તે સતત મીરાંનો સાથ ઝંખ્યા કરે છે. રમેશ ર. દવે નોંધે છે તેમ "મીરાંનો વૃંદા માટેનો આ લગાવ લગીર વિશેષ બૌદ્ધિક છે. પણ એને માટેનો મીરાંનો માંસલ તલસાટ પણ લેખિકાએ તેની દાહકતા સહિત નિરૂપ્યો છે."[૧૩] લઘુનવલમાં અનેકવાર તેના વૃંદાવિરહનું નિરૂપણ થવા પામ્યું છે તે જોઈએ :

"કેટલાંય વર્ષોથી હોસ્ટેલમાં રહું છું પરંતુ આજે રૂમ સતત ખાલી ખાલી લાગે છે. અઠવાડિયામાં જ વૃંદાની ટેવ પડી ગઈ. આ પલંગે ય એકાએક મોટો મોટો લાગવા માંડ્યો છે."[૧૪]

"આ વૃંદા ય ખરી છે ! ગઇ તો ગઇ પાછી વાસી ઉત્તરાયણ કરવા ય રોકાઇ ગઇ."[૧૫]

"મને સમજાતું ન હતું. આ ઉદાસી, એકલતા શું વૃંદાની પ્રતીક્ષાને કારણે છે ? હું તો આટલાં વર્ષોથી એકલી રહું શું. મને ક્યારે ય કોઈની એકદમ નિકટ જવું બહુ અનિવાર્ય નથી લાગ્યું. જ્યારે ડબલસીટેડમાં રહેતી ત્યારે તો ખાસ ઇચ્છતી કે સાંજે રૂમમેટ ન હોય તો સારું. બંધ રૂમમાં ખુલ્લી બારી પાસે બેસીને, જાત સોંપી દેતી સાંજને…"[૧૬]

આ અવતરણમાં મીરાંનો વૃંદારાગ તો જણાય જ છે સાથોસાથ મીરાંને જુદી જુદી વ્યક્તિઓ સાથે સંબંધ સ્થાપવાનો શોખ નથી એ પણ કળાય છે. કોઢને કારણે જ તે નવા નવા લોકો સાથે સંબંધ સ્થાપતા ગભરાય છે.

"હમણાં હમણાં મને મારો પરિચય થતો જાય છે. મારો સ્વભાવ આટલો અધીરો ?

આજે લાયબ્રેરી જવાનો મારો મૂડ ન હતો. વૃંદાએ કહ્યું હતું એ ત્રણ વાગ્યે આવશે. પરંતુ મારી વ્યાકુળતાએ બે વાગ્યાથી જ એની રાહ જોવા માંડી. એક ક્ષણ તો થયું લાવને હું જ સામે જાઉં. માંડ જાતને બાંધી રાખી…"[૧૭]

મોટાં બહેનને પગે ફ્રેક્ચર થતાં વૃંદાને મુંબઈ જવાનું થાય છે. એ સમયે મીરાં તેને વિદાય આપવા રેલ્વે સ્ટેશન પહોંચવા માટે જે પ્રકારે દોડાદોડ કરે છે એમાં પણ વૃંદા માટેના તેના અપાર અને અતિરેકસભર અનુરાગનું દર્શન થાય છે જુઓ : "સ્ટેશને પહોંચી ત્યારે સાત ને ઉપર પાંત્રીસ થઈ ગઈ હતી અને મારે જવાનું હતું પ્લેટફોર્મ નંબર ત્રણ પર. મારાથી આ દાદરા કેમ ચઢાશે ? પગ ઓગળતા હતા અને છાતી ધમણની જેમ હાંફતી હતી. પુલ પરથી દોડતાં જોયું. અફાટ માનવ સાગર… આમાં ક્યાં શોધું મારી લહેરને ? દાદરાના ઉપલા પગથિયે જ બેસી પડી. આંખમાંથી ચોધાર આંસુ…. હું અડાબીડ જંગલમાં અટવાઈ ગઈ હતી…ત્યાં ટ્રેનની વ્હીસલ વાગી, હું ઊભી થઈ અને ચાલતી ગાડીના દરેક ડબ્બાને 'આવજો' કરવા લાગી…. આ ટ્રેનમાં ક્યાંક મારી વૃંદા છે….છે….છૈ….

અત્યારે એ આખું દશ્ય ઘેલછાભર્યું લાગે છે પરંતુ એ ક્ષણે તો…."[૧૮]

મીરાંનો વૃંદારાગ કેટલો ઘેલછાભર્યો છે એ આપણે અહીં તેના જ શબ્દોમાં જોઈ શકીએ છીએ. વૃંદા જાય છે ત્યારથી જ "મેં ઘેલીએ તો વૃંદા ગાડીમાં બેઠી એ ક્ષણથી પત્રની રાહ જોવા માંડી છે !"[૧૯] તો બાર દિવસ થવા આવ્યા છતાં ય વૃંદાનો પત્ર ન આવતાં "શું

એને બે લાઈન લખવાનો ય સમય નહીં મળતો હોય ? બાર દિવસ થવા આવ્યા. હું એકે ય વાર એને યાદ નહીં આવી હોઉં ? મને ભૂલી ગઈ ? જાણું છું, મારે આમ આકળા ન થવું જોઈએ પરંતુ ખરેખર જે જાય છે એની સામે તો એક નવું જ દશ્ય ઊઘડે છે.....પાછળ રહેનાર પર ફરી વળે સ્મૃતિઓનાં જળ, ચારેકોરથી....”[૨૦] એવી અનુભૂતિ દ્વારા પણ તેનો વૃંદાવિરહ પ્રગટ થાય છે.

વૃંદા પ્રત્યેના માલિકીભાવમાં મીરાંની મનુષ્યસહજ વૃત્તિ તો જવાબદાર છે જ પણ સાથોસાથ તેના વ્યક્તિત્વ સંબંધી બીજું એક ફેક્ટર પણ કારણભૂત છે, એ છે તેની કોઢની બીમારી. રાધેશ્યામ શર્મા એમના ‘નવલકથા-નિર્દેશ’ નામના વિવેચન ગ્રંથમાં સમાવિષ્ટ આ નવલકથા પરના અભ્યાસલેખ - ‘અંધેરે મેં ખડી ઔરતેં’ માં મીરાંના કોઢ સંદર્ભે નોંધે છે:

“કોઢનો કોઈ વિપુલ વિનિયોગ નથી, વૃંદા સાથેના તીવ્ર ગાઢ અનુરાગમાં મીરાં કોઢને પણ ભૂલી જાય છે તે તથ્ય ઉપસાવવા સિવાય. અથવા બીજી બાજુથી એમ પણ કહેવાય કે મેલોડ્રામેટિક બન્યા સિવાય લેખિકાને એમ પણ મૂકવું છે કે કોઢને કારણે મીરાંની એકલતાના અભાવમાં આવતો વૃંદારાગ પોતાના શરીરનેય ચાહવા સુધી દોરી શકે છે.”[૨૧]

જો કે તેમના આ નિરીક્ષણમાં અર્ધતથ્ય છે. તેઓ એમ માને છે કે નવલકથામાં કોઢનો વિનિયોગ માત્ર મીરાંનો વૃંદા પ્રત્યેનો ગાઢ અનુરાગ ઉપસાવવા જ સફળ રહ્યો છે. પરંતુ મનોવૈજ્ઞાનિક દષ્ટિએ આ એક રચનાપ્રયુક્તિ છે જેમાં શારીરિક ઊણપ (મીરાંના સંદર્ભમાં કોઢ) વિશેની પોતાની લઘુતાગ્રંથિ અન્ય લોકો સમક્ષ છતી ન થઈ જાય એ માટે વ્યક્તિ (મીરાં) અન્ય વ્યક્તિ કે વસ્તુ (વૃંદા) પ્રત્યે પોતાને ઢળેલી દર્શાવી, પોતાની પ્રત્યેક વર્તણૂક પર બાજનજર રાખનાર વ્યક્તિ (વાચકના) મનને પોતાની લઘુતાગ્રંથિ પરથી વિચલિત કરવાનો પ્રયાસ કરે છે. રાધેશ્યામ શર્માનું નિરીક્ષણ જોતાં એ પુરવાર પણ થાય છે કે મીરાં પોતાની લઘુતાગ્રંથિ પર બાજનજર રાખનાર વાચક-વિવેચકના ચિત્તને વિચલિત કરવામાં સફળ પણ રહી છે.

ભાવકચિત્તને વિચલિત કરવાનો મીરાંનો પ્રયાસ તેની ડાયરીના લખાણમાં પણ અછતો નથી રહેતો. ડાયરીમાં વારંવાર આવતું તેના વૃંદારાગનું ભાવભીનું વર્ણન આ બચાવપ્રયુક્તિનો જ એક ભાગ છે. મીરાંએ પોતાનો વૃંદારાગ એટલી વિહવળતાથી

આલેખ્યો છે કે ભાવક અનાયાસ જ એના ભાવનુભવમાં તણાતો જાય છે અને મીરાં કોઢથી પીઢાતી અને લઘુતાગ્રંથિ અનુભવતી નાયિકા છે એ વિસરાય જ જાય છે.

મીરાંના કોઢના સંદર્ભને મનોવિશ્લેષણાત્મક દષ્ટિએ બીજી રીતે પણ ઘટાવી શકાય. લઘુનવલના કેન્દ્રમાં જો કોઈ ફોકલ પોઈન્ટ હોય તો તે કોઢ જ છે. જો મીરાંને કોઢ ન હોત તો તે વૃંદાના આટલા ગાઢ સંપર્કમાં આવત કે કેમ તે એક પ્રશ્ન છે. મીરાં અને વૃંદા વચ્ચે સજાતીય સંબંધ સ્થપાય છે એમાં પણ મીરાંના પક્ષેથી મળેલી સહમતીમાં કોઢ જ કારણભૂત છે. મીરાં નાનપણથી કોઢથી પીડાય છે. વયસ્ક થતાં એને પણ સ્ત્રીસહજ કોઈ પુરુષ, કોઈ સાથીના પ્રગાઢ સહવાસ-સંગાથની ઈચ્છા થાય એ સહજ છે. લઘુનવલના આરંભમાં જ તેની આવી મનસાનું નિદર્શન મળે છે જુઓ :

"...આ નિતંબપુર કેશપાશમાં કોણ બંધાશે ? ...આ કાબરચીતરા સ્પર્શને ઓળંગીને કોણ પહોંચશે મારા સુધી ? કોણ, જો હું પોકાર કરી ઊઠું, સાંભળશે મને..."[૨૨]

મીરાંની આ તૃષાને છીપાવે એવો કોઈ પુરુષ છે નહિ. પણ તેની સળગતી ઈચ્છાઓનું શું ? એવામાં તેને વૃંદાનો સંગાથ મળે છે. કામાણી સાહેબના જવાથી વૃંદા પણ તેમના વિરહમાં હતી. વૃંદા પોતાની જાતીય ઈચ્છાઓને મીરાં સમક્ષ નિરંકુશપણે પ્રગટ થવા દે છે અને એ રીતે બંનેનો મૈત્રીસંબંધ સજાતીય સંબંધમાં પરિણમે છે. મીરાંનો વૃંદા પત્યેનો અનુરાગ અતિ ઉત્કટ છે. તે વૃંદા પર પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી દેવાની ધૂનમાં છે.

કોઢને કારણે તે સમાજ અને દુનિયાથી અલિપ્ત રહે છે. બધાં સાથે તે ભળી નથી શકતી. વૃંદા પર તેને પૂર્ણ વિશ્વાસ છે. વૃંદા તેનો સાથ ક્યારેય નહીં છોડે એવો તેને વિશ્વાસ છે. આથી તે વૃંદા સાથે સજાતીય સંબંધ બાંધે છે. વૃંદા સાથેના સજાતીય સંબંધથી મીરાંની જાતીય ઈચ્છાઓ પણ સંતોષાય છે અને 'ભલે મને કોઢ છે છતાં મારામાં કંઈક એવું છે જેને કારણે વૃંદા જેવી સ્ત્રી મને ચાહે છે' એવા પ્રકારે તેનો અહમ્ સંતોષાય છે. પરંતુ ડૉ. અજિતનો સાથ મળતાં વૃંદા મીરાં સાથેનો સંબંધ તોડી નાખે છે. આથી, મીરાંના ચિત્તને બેવડો આઘાત લાગે છે. એક, પોતે જેના પર ખૂબ વિશ્વાસ રાખતી હતી એવી વૃંદાએ તેની સાથે અવિશ્વાસ કર્યો. બે, તે જેના પર પોતાનો અબાધિત અધિકાર સમજતી હતી એવી વૃંદાએ તેને છેહ દીધો આથી તેનો અહમ્ ઘવાય છે. લઘુતાગ્રંથિને કારણે મીરાં જેટલી પીડાતી હતી એથી અનેક ઘણી વધારે તે વૃંદા સાથેનો તેનો નાતો તૂટી જવાથી પીડાય છે.

## ૧૧.૫. : કોઢ (લઘુતાગ્રંથિ) ને કારણે માતૃત્વધારણની ઈચ્છાનું દમન :

ડૉ. રાધેશ્યામ શર્માએ પ્રસ્તુત લઘુનવલકથાના કેન્દ્રમાં મુખ્યતઃ ત્રણ પ્રશ્નો જોયા છે. તેઓ નોંધે છે : "સ્નેહ-સૌંદર્યને સ્પર્શતી કથા પ્રોબ્લેમનોવેલ નથી પણ ત્રણ મહત્ત્વના પ્રશ્નો વેધક રીતે મૂકે છે : (૧) તો શું જીવનમાં લગ્ન અનિવાર્ય નથી ? અને સેક્સ ? (પૃ. ૯૮)... (૨) માતૃત્વ એ સ્ત્રી-પુરુષના સખ્યની ઈતિશ્રી ?...(પૃ. ૧૦૧) અને (૩) પોતાના જન્મ વિશે પ્રાયશ્ચિત્તભાવ અનુભવતી વિરલ નાયિકાનો તીર શો સવાલ

શુક્રપાત સે

શબ્દપાત સે

અંધેરે મેં ખડી ઔરત પૂછતી હૈ :

'કવિ ઓર મર્દ મેં કિતના ફર્ક હોગા ?'

કવિઓ અને મર્દોને વિમાસણમાં મૂકતો પ્રશ્ન પૂછવાની હિંમત અને કૌશલ્ય લઘુનવલપ્રકારમાં પ્રદર્શિત કરવા માટે બિન્દુબહેન ભટ્ટને હાર્દિક ધન્યવાદ"[૨૩]

માતૃત્વભાવ એ કોઈ પણ સ્ત્રીના જીવનની સૌથી મોંઘી મૂડી હોય છે. સ્ત્રી માતૃત્વ ધારણ કરવામાં જ પોતાના જીવનની ધન્યતા અનુભવતી હોય છે. માતા બનવાના દરેક સ્ત્રીને કોડ-ઓરતા હોય છે. પરંતુ પ્રસ્તુત લઘુનવલકથાની નાયિકા માતા બનવાની અનિચ્છા ધરાવે છે. વૃંદા મીરાંને કહે છે :

"હું લગ્નપૂર્વેના સ્પર્શને પણ ધિક્કારું છું. મીરાં, મારા જીવનનું એક માત્ર સ્વપ્ન છે; એક સુંદર બાળકની મા બનવાનું....

અને મારું ? ના, હું મારા વર્તમાનને ક્યારેય કોઇનું ભવિષ્ય નહીં થવા દઉં...."૪૫

માતા બનવાની ભાવનાને પોતાનું અહોભાગ્ય માનવાને બદલે મીરાં એ બાબતે ઉદાસીનતા સેવે છે એનું કારણ છે એની શારીરિક ઊણપ. કોઢની પીડિતા હોવાથી પોતે જે સંતાનને જન્મ આપશે એ સંતાન પણ કોઢની બીમારી જન્મજાત લઈને આવશે. પોતે જે રીતે સમાજ અને લોકોની ધૃણા-તિરસ્કારનો ભોગ બની છે એવી રીતે પોતાના આવનાર સંતાનો પણ ધૃણા-તિરસ્કારનો ભોગ બને એ તેણી કદાપિ ના ઈચ્છે. આ કારણે જ મીરાં કઠોર હૃદયે માતા નહીં બનવાનો નિર્ધાર કરે છે. રમેશ ર. દવે મીરાંના આ કઠોર નિર્ધારને અનુલક્ષીને પોતાના અભ્યાસલેખમાં નોંધે છે :

"જન્મજાત સાંપડેલી વેદનાએ એના ચિંતનને ઉજ્જવળ કર્યું છે. સૂચિત વેદના અને વાચન-મનનના પરિણામે કેળવાયેલી તેની સંપ્રજ્ઞતાનો પરિચય, તેને મળેલો કોઢનો વારસો પોતાની આગલી પેઢીને ન આપવા તે કેવો આકરો સંકલ્પ સેવે છે – તેમાંથી મળે છે....પોતે ભોગવેલા અભિશાપથી પછીની પેઢિને બચાવવા માટે માતૃત્વનાં સુખ-સંતોષનો ભોગ આપવાની સૂચિત મનોભૂમિકા નરી વેદનાનું જ વરદાન છે ને છતાં એ સૌ વાચકો માટે સ્વીકાર્ય નીવડે છે."[૨૪]

## ૧૧.૬. :'મીરાં યાજ્ઞિકની ડાયરી'માં નિરૂપાયેલાં જાતીયતાલક્ષી વિચારો અને વર્ણનો :

હોસ્ટેલમાં પાંચ નંબરની રૂમમાં રહેતી હિના એની રૂમમેટ આભા સાથે લગ્ન કરે છે. હિનાના હાથમાં રંગબેરંગી બંગડીઓ, ગળામાં મંગળસૂત્ર અને સેંથામાં સિંદૂર જોઈ મીરાં તેને અભિનંદન આપે છે. પણ જ્યારે મીરાં જાણે છે કે તેણીએ રૂમમેટ આભા સાથે લગ્ન કર્યા છે ત્યારે તે અવાચક રહી જાય છે. હિના તેને સવાલ કરે છે "હેય, યુ ડોન્ટ નો અબાઉટ લેસ્બીયન ?"[૨૫] આ સવાલ મીરાંને પોતાના આચરણની યાદ દેવરાવે છે અને તેણી વિચારોના વમળે ચડે છે.

"તો શું હું અને વૃંદા....હિંદીની આધુનિક નવલકથાઓમાં, મેગેઝિન્સમાં વાંચ્યું છે ઈસ્મત ચુગાઈતની 'લિહાફ' વાર્તા એક જમાનામાં બાન થઈ હતી, ખબર છે.....સ્ત્રીઓની જેલોમાં, હોસ્ટેલોમાં અપરણિત અથવા પુરુષ સહવાસથી વંચિત સ્ત્રીઓમાં આ પ્રકારના સજાતીય સંબંધો વિકસે છે.... એટલે કે હું અને વૃંદા લેસ્બીયન છીએ ? પરંતુ જે લાગણી મને વૃંદાના હોવા માત્રથી થાય છે એ ઉત્તેજના ઉજ્જવલાના અર્ધનગ્ન શરીરને સ્પર્શીને પણ નથી થતી. વર્ષો સુધી મમ્મીને વળગીને સૂતી છું, ક્યારેય આવું થયું નથી.

તો શું કોઢને કારણે મારું ભૂખ્યું મન વૃંદા તરફ વળ્યું હશે ? પરંતુ મને તો ક્યારેય નથી લાગ્યું કે હું બીજા કરતાં ઊણી છું... ક્યારેક તો પેલી 'સ્ત્રી' જાગતી હશે....

સંભવ છે આ અમારા સંબંધની પ્રગાઢતાનું જ એક ડાયમેન્શન હોય...કે પછી ડાયવર્ઝન ? પરંતુ ઘણીવાર એવું કેમ બને છે કે તીવ્ર ભાવાવેગની અભિવ્યક્તિ માટે શબ્દને સ્પર્શનો સાથ જોઈએ ??"[૨૬]

હિનાની હકીકત જાણી મીરાં વિચારોના વાયરે ચઢી જાય છે. તે વિચારે છે કે મારા અને વૃંદાના દૈહિક સંબંધને શું નામ આપીશ ? તેણી વિચારે છે કે શરીરની ભૂખને કારણે એક સ્ત્રી બીજી સ્ત્રી સાથે સંબંધ બાંધતી હોય તેને લેસ્બીયન કહેવાય તો લાગણીઓ (Feelings) નું શું ? વૃંદાની હાજરી માત્રથી જે ઉત્તેજના અનુભવાય છે એ ઉત્તેજના ઉજ્જવલાના અર્ધનગ્ન શરીરને સ્પર્શવાથીયે કેમ નથી અનુભવાતી આવો પ્રશ્ન તેને થાય છે. મમ્મીને વળગીને સૂવું છું ત્યારે આવી ઉત્તેજના કેમ નથી અનુભવાતી. તેને એક સમયે એવો વિચાર પણ આવી જાય છે કે વૃંદા સાથેનો મારો શારીરિક સંબંધ એ કોઢને કારણે મારા ભૂખ્યા મનનું પરિણામ નહિ હોયને ? આમ, પોતે અને વૃંદા લેસ્બીયન છે કે નહિ એવા તેના મનન પરથી મીરાં પોતાની જાતનું વિશ્લેષણ કરે છે. મીરાંને મૂંઝવતા આ સવાલનો સુંદર વિશ્લેષણાત્મક ઉત્તર આપતા લાભશંકર ઠાકર નોંધે છે :

"નાયિકાના વૃંદા સાથેના સજાતીય સંબંધને કારણ તે Lesbian છે તેમ કહેવું યોગ્ય નથી. ઉજાસ તરફ પણ નાયિકા આકર્ષાય છે. She is sexually attracted to both woman and man. તેથી તે Bisexual છે. તે Heterosexual પણ નથી."[૨૭]

મોટાં બહેનને ફ્રેક્ચર થવાથી વૃંદાને મુંબઈ જવાનું થાય છે. ત્યાં ગયા પછી બાર બાર દિવસ સુધી વૃંદા મીરાં સાથે કોઈ પ્રકારનો પત્રવ્યવહાર નથી કરતી. ત્યારે વિરહભાવમાં મીરાં વૃંદા સાથેની અંતરંગ પળોને સ્મૃતિ મારફતે વાગોળે છે :

"મેં પીધાં છે એની નાભિનાં ઊંડાણ....દૂર દૂર ખેંચી જતાં, રોમરોમથી જકડી લેતાં, વીટળાઈ વળતાં જંગલી વેલાની જેમ....મારતે ઘોડે દોડતા શિકારીની બેફામ ગતિમાં અમે....એક વંટોળ ઊઠતો, ડાળીઓ ગૂંથાઈ જતી, થડમાં ચંપાયે જતો લાવા, મહેકીને મસળાઈ જતાં ફૂલો...ભર વરસાદમાં ભીંજાતાં, ઝાપટાં ઝીલતાં પડ્યાં રહેતાં વળગીને એકબીજાને...ક્લાંત....ચૂમી લેતાં એકમેકના સ્તનો.....તળાવના તળિયેથી વારેવારે સપાટી પર આવતી માછલીઓ જેવાં અમે..."[૨૮]

મીરાંએ અહીં પોતાના વૃંદા સાથેના અંતરંગ સંબંધોનું નિરૂપણ કર્યું છે. અહીં નિરૂપાયેલો સંયોગ શૃંગાર સ્પષ્ટપણે જણાઈ આવે છે. મીરાંએ પોતે માણેલા સંયોગ શૃંગારનું આવું નિર્ભીક નિરૂપણ ડાયરી શૈલીના કારણે જ શક્ય બને છે. જો સર્જકે ડાયરીશૈલીના વિનિયોગને બદલે બીજી કોઈ કથનશૈલી દ્વારા મીરાંના જીવનની આ અંગત વાતોને અભિવ્યક્તિ આપી હોત તો કદાચ આટલી સુંદર અને સચોટ રીતે મીરાંના મનોભાવો પ્રગટ ના થયા હોત. ડાયરીમાંના આ નિરૂપણની ભાષા પણ કેટલી સુંદર અને લયબદ્ધ છે ! અહીં નિરૂપાયેલી ભાષાના લયને કારણે મીરાંના મનની ભીનાશનો પણ પ્રગાઢતાપૂર્ણ પરિચય મળી રહે છે.

આવો ઊઘાડો શૃંગાર મીરાંએ માણ્યો છે તો સામે સંયમિત શૃંગાર વિશે પણ તે સુંદર વિચારો ધરાવે છે. ૨૫ ફેબ્રુઆરીના રોજ મીરાં ઉજ્જવલા સાથે ‘સિદ્ધાર્થ’ ફિલ્મ જોવા જાય છે. સિદ્ધાર્થ-કમલાના સંબંધને ઉજ્જવલા કેવળ જૈવિક દષ્ટિકોણથી જોતી રહે છે ત્યારે આ સંદર્ભે મીરાંના વિચારો જુઓ :

“જીવનની એક સુંદર ઘટના. સ્ત્રી-પુરુષ, પોતાનાં અંતરતમની કોમળ લાગણીઓની શરીર દ્વારા પરસ્પર આપ-લે કરે. આ એક સંવાદ છે, સંપ્રેષણની શોધ છે. અવનવી કથનભંગિમાઓના પ્રયોગો દ્વારા સંવેદનાના અનેક અજાણ્યા પ્રદેશ ઊઘડે. એ સહજ છે, સ્વાભાવિક છે અને સુંદર છે.

લખતાં લખતાં લાગ્યું. જાણે હું સેક્સનું તત્ત્વજ્ઞાન ડહોળવા લાગી. ફિલ્મમાં સિમ્મી ગરેવાલ અને શશી કપૂરનો અભિનય જોઈ મન પ્રસન્ન થઈ ગયું. પણ્યાંગના કમલાની અનાવૃત્ત દેહયષ્ટિ.....મધ્યકાલીન શૃંગાર કાવ્યની સાલંકાર છંદોબદ્ધ પંક્તિ....લય અને માધુર્યથી મંડિત....શશી કપૂરના અભિનયમાં નિર્દોષતા અને સત્ય મેળવવાની ઝંખના સાકાર દેખાઈ. કમલાને જ્યારે એ પ્રથમ ચુંબન કરે છે એ દશ્ય....એક કોરી પાટીની ચેતના અને અનાઘ્રાત સંવેદના અભિનયમાં લાવવી....ખરેખર, એક ચેલેન્જ હતી.

યાદ આવ્યું, હજારીપ્રસાદ દ્વિવેદીની નવલકથા ‘અનામદાસ કા પોથા’ ના નાટ્ય રૂપાંતરની ભજવણી કેટલો મોટો પડકાર બની જાય ?

જીવનમાં પહેલી જ વાર કોઈ પુરુષ, સ્ત્રીને જુએ તો શું અનુભવે ?”[૨૯]

મીરાંના આ વિચારો તેની જાતીય ઊર્મિઓ અને ઇચ્છાઓને પ્રતિઘોષિત કરતા જણાય છે. તેના વિચારો અનુસાર તે સ્વયં પણ આવા સંયમિત અને શિષ્ટ શારીરિક સંબંધની હિમાયત કરે છે અને ઇચ્છા સેવે છે. કવિ ઉજાસ સાથે જ્યારે તે દૈહિક સંબંધ બાંધે છે ત્યારે ઉજાસના ઉતાવળિયા અને આવેશભર્યા વર્તાવથી મીરાંને આઘાત લાગે છે. મીરાંની બધી આશાઓ, અપેક્ષાઓ અને ઇચ્છાઓને નિરાશા, હતાશા અને આઘાતમાં ફેરવી નાંખતો કવિ ઉજાસ સાથેનો આ પ્રસંગ અત્રે અવશ્ય નોંધવો જોઈએ :

"'કૌન સી ઘડી હૈ ?' કહેતાં એણે હાથ લંબાવ્યો. જવાબમાં મારો હાથ ઊંચકતાં, એક ઝટકે જ એણે મને પોતાની ઉપર ખેંચી લીધી. હું કાંઈ કહું એ પહેલાં એણે મારી સાડી ખેંચવા માંડી. હું એને સહેજ થોભવાનું કહેતી રહી. પરંતુ જાણે એને બીજું કશું જ દેખાતું ન હતું, સંભળાતું ન હતું. મેં એની પકડમાંથી અલગ થવાની કોશિશ કરી તો એ અકરાંતિયો થઈ બમણા આવેગથી તૂટી પડ્યો. એની આંખોનાં ઝનૂને મારી બધી આર્દ્રતા ચૂસી લીધી. હું હેબતાઈ ગઈ....કોકડું વળી ગઈ....મારા અર્ધનગ્ન શરીર પર એક સ્થૂળ, અવાવરૂ દેહ ઝળુંબી રહ્યો હતો. હું ટકવા માટે હવાંતિયાં મારતી હતી ને એ મારામાં ધગધગતું સીસું રેડી રહ્યો...અંદર ચીરા પડતા હોય એમ મારું ગળું સૂકાતું હતું....આખો રૂમ પડઘાતો રહ્યો એનો છીંકોટાથી....મારી નજર સામે આ સમય બળાત્કારના અંધારમાં પલટાતો જતો હતો ને હું એનામાં મારો ઉજાસ શોધતી રહી....

આજે વિચારવા બેસું તો કદાચ લાગે કે એ લાંબા સમયથી ભૂખ્યો હતો, એટલે પણ જાતને સંભાળી શક્યો ન હોય. એમ પણ હોય કે એ આ કાબરચીતરા શરીરને સહી શક્યો ન હોય ! હું તો વૃંદાની આંખે જ જાતને જોતી રહી, પરંતુ હકીકત તો....

પરંતુ જે રીતે એણે મને છોડી, જાણે અવકાશમાં આથડતો કોઈ પતંગ ! અને જ્યારે તિવારીજી આવ્યા ત્યારે જે રીતે એણે મારા ચંપલ સાથે બાથરૂમમાં સંતાવા ધકેલી ! શું એ મને એક મિત્ર તરીકે ય હિમ્મતથી સ્વીકારી શકતો નહોતો ?

ના, કશું જ સુંદર નહીં....રોમાંચક નહીં....ક્યાંય સદ્ભાવ નહીં....સૌહાર્દ નહીં.....આશ્વસ્તિ નહીં....નહીં...નહીં...."[૩૦]

મીરાં સાથે કવિ ઉજાસે કરેલા ઉદ્ધત અને અમાનવીય વર્તાવથી મીરાંને ખૂબ આઘાત લાગે છે. એક તો કોઢને કારણે એ લઘુતાગ્રંથિથી પીડાતી હતી. ઉપરથી વૃંદાએ તેને તરછોડી

એનો જબરો આઘાત એને મળ્યો. એમાં વળી કવિ ઉજાસે તેના મનોભાવો અને તેની મનોકામનાઓને કચડી બળજબરીથી તેની સાથે દુર્વ્યવહાર કર્યો. એટલું જ નહીં પોતાની આબરૂ બચાવવાની લાયમાં મીરાંને તે જે રીતે ચંપલ સાથે બાથરૂમમાં ધકેલે છે, તેને માણસ તરીકે-મિત્ર તરીકે આશ્વાસનના બે શબ્દો પણ નથી કહેતો. આ બધાંથી મીરાંના આત્મવિશ્વાસ, મનોકામનાઓ, આશાઓ અને અપેક્ષાઓના ભૂક્કા થઈ જાય છે. મીરાંની આવી કરુણ સ્થિતિ અને તેના કારક પરિબળોના અનુસંધાનમાં રમેશ ર. દવેનું નિરીક્ષણ જુઓ :

"મીરાંના વૃંદા તથા ઉજાસ સાથેના પ્રેમ સંબંધો તેની ભ્રાંતિની નીપજ છે. ઉજાસ સાથેના સંબંધમાં ગળાડૂબ મીરાં એમ જ માને છે કે ઉજાસની પ્રાપ્તિ એ એની અવિરત સૌંદર્ય શોધનું પૂર્ણવિરામ છે. પરંતુ મીરાંની જાગૃત, અર્ધજાગૃત ચેતના પર નખશિખ છવાઈ ગયેલા કવિ ઉજાસ સાથેના મીરાંના દેહસંબંધની ઘટનાથી મીરાંની પ્રેમાનુભૂતિ સર્વથા રોંદાઈ જાય છે અને કથાના અંતે વાચક કને ભ્રમનિરસિત નાયિકાની વેદના માત્ર બચે છે !

મીરાંની આ ડાયરી તત્ત્વતઃ એની કરુણપર્યવસાયી કથા છે. પણ આ કરુણની નિષ્પત્તિનું કારણ, રસની પરિભાષા યોજીને કહીએ તો તેનો ઉદ્દીપન અને આલંબન વિભાવ મીરાં પોતે જ બને છે. તેણે જેને પ્રેમ જાણીને સમર્પણ કર્યું એ આખરે ભોગનું વરવું રૂપ નીવડ્યું."[૩૧]

## ૧૧.૭. : ડાયરીશૈલી : મનોવિશ્લેષણાત્મક અભિગમની દૃષ્ટિએ પ્રસ્તુતતા અને સાર્થકતા :

આ નવલકથાનું તરત ધ્યાન ખેંચે એવું પાસું છે એની રૂપરચના (Form). આ લઘુનવલ ડાયરી સ્વરૂપમાં લખાયેલી છે. લઘુનવલનો કથાપટ ૩૧ ડિસેમ્બરથી ૩૦ ડિસેમ્બર એમ એક વર્ષનો છે. મીરાંએ એ એક વર્ષ દરમ્યાન બનેલી ઘટનાઓને ડાયરીરૂપે રજૂ કરી છે. મીરાં દિવસ દરમ્યાન બનેલી ઘટના અથવા પોતાના અનુભવોને તારીખસહ ડાયરીમાં નિરૂપે છે. વચ્ચે અમુક દિવસોની નોંધ નથી કરી. તો અમુક દિવસોની માત્ર તારીખ જ લખી છે, તારીખ સિવાય ત્યાં બીજુ કશું લખાણ નથી, જેમકે ૧૯ જાન્યુઆરી. અમુક દિવસે બે-ત્રણ પાનાની નોંધ કરી છે તો અમુક દિવસે અડધી લીટી કે બે શબ્દો જ લખ્યા છે. આમ,

છતાં વર્ષના જેટલા દિવસોની નોંધ લેવાઈ છે અથવા નથી લેવાઈ એ દરેકે દરેક દિવસનું અદકું મૂલ્ય છે. કથાવકાશ પૂરવામાં અને નાયિકા મીરાંની ચેતનાને જીવંત રાખવા નિરૂપાયેલો અને વણનિરૂપાયેલો પ્રત્યેક દિવસ અગત્યનો છે.

ડાયરીની આ રીતની રજૂઆત એ અકારણ નથી. એ પણ એક રીતે રચનાપ્રયુક્તિ છે. ડાયરીશૈલી અંતર્ગત ડાયરીનું કયું પાનું કોરું રાખવું અને કયા પાના પર લખાણ કરવું એનો વિવેક કરતા પણ આવડવું જોઈએ. બિન્દુ ભટ્ટ આ રીતે બરાબર સફળ થયા છે. મીરાંની ડાયરીમાં લખાણ બાબતે એકસૂત્રતા નથી જળવાતી એમાંથી મીરાંની માનસિક અસ્થિરતા સૂચવાય છે. ડાયરીમાં ૧૯ ડિસેમ્બરનું પાનું કોરું છે. કોરા પાના દ્વારા સખી વૃંદાના વિરહમાં ઝૂરતી મીરાંનું મન પણ આ ડાયરીના પાના જેવું જ કોરું છે એવું અહીં સચોટપણે સૂચવાય છે.

તો ૩૧ જાન્યુઆરી અને ૧ ફેબ્રુઆરીના પૃષ્ઠ પર માત્ર "વૃંદા નથી" એટલું જ લખાણ છે. આ લખાણ પણ મીરાંની મનોદશા પર બરાબર પ્રકાશ પાડે છે. વૃંદાની અનુપસ્થિતિમાં મીરાં સતત એના જ નામનું રટણ રટ્યા કરે છે, તેના મનમાં સતત મીરાંનો વિરહ જ ઘૂમરાયા કરે છે એ બાબત અહીં કલાત્મક રીતે નિરૂપાઈ છે.

ડાયરીશૈલીની પ્રસ્તુતતા સંદર્ભે એક બાબત એ પણ નોંધવા જેવી છે કે કોઈ પણ સ્ત્રી પોતાના અંગત જીવનની વાતો અન્ય કોઈ વ્યક્તિ સાથે ખૂલીને કરતાં ખચકાય છે. આથી જો લેખિકાએ આ જ કથ્યવિષયને સર્વજ્ઞ કથનકેન્દ્રથી અભિવ્યક્ત કર્યો હોત તો પ્રશ્ન એ થાત કે નવલકથાનો કથક નાયિકા મીરાંની મનઃસ્થિતિ અને તેના જાતીય જીવન અંગે આટલું બધું કેમ જાણે છે ? તો, નાયિકા મીરાં સ્વયં કથક બની 'હું' ના કથનકેન્દ્રથી પોતાની કથા કહે તો એ પ્રશ્ન થાય કે તે પોતાના જીવનની આવી અતિ સંવેદનશીલ વાતો વિના સંકોચે વાચકો સમક્ષ રજૂ કેવી રીતે કરી શકે ? કથનકેન્દ્રની આ બંને ટેકનિક આ સમયે ખામી ભરેલી જણાત. પણ લેખિકા એમાંથી આબાદ બચ્યાં છે. તેમણે ડાયરીશૈલીનો વિનિયોગ કરી નાયિકાને પોતાના અંગત જીવન વિશે મોકળા મને રજૂઆત કરવાનો માર્ગ મોકળો કરી આપ્યો છે. મારા આ નિરીક્ષણના સમર્થનમાં આ જ સંદર્ભના અનુસંધાનમાં લાભશંકરે ઠાકરે કરેલું નિરીક્ષણ ટાંકુ છું :

"ડાયરીનું આ Form અનિવાર્ય છે. કેમ કે આ કથા/કથનમાં કોઈ 'શ્રોતા' નથી. મીરાંની અંગત ચેતનાની આ પૃષ્ઠોમાં અભિવ્યક્તિ છે. તેના સિવાય તે પૃષ્ઠોનું કોઈ 'વાચક' પણ નથી. તેના અંગત અનુભવો અને અનુભાવો તે કોઈ બીજાની પાસે વ્યક્ત કરી શકે તેવું તેનું વ્યક્તિત્વ નથી. જે અનુભવગત ભાવ-પ્રતિભાવ છે તે કેવલ તેનું મનોગત છે અને તેની અંગત વાસરિકા સિવાય તેની અભિવ્યક્તિ શક્ય નથી. આમ ડાયરીનું સ્વરૂપ આ લઘુનવલનું અનિવાર્ય સ્વરૂપ બની રહે છે."[૩૨]

રમેશ ર. દવે નોંધે છે તેમ "ડાયરી લેખન-શૈલીના લીધે કથાનો મેદ નિવારી શકાયો છે અથવા કહીએ કે કથા લેખિકાનો, કેટલું કેનવાસ કોરું રાખવું એ અંગેનો વિવેક ખપ લાગ્યો છે. વળી, લઘુનવલની અનિવાર્ય લાક્ષણિકતા : એક પાત્રકેન્દ્રી નિરૂપણે ય ડાયરી-શૈલીથી કસાવદાર નીવડ્યું છે. આ પૂર્વે 'ઝેર તો પીધાં છે જાણી જાણી - ભાગ', 'આકાર', 'શ્રાવણ રાતે', 'સોનલછાંય' જેવી ગુજરાતી નવલકથાઓમાં ડાયરી શૈલીનો ઉપયોગ થયો છે. પરંતુ તેનો મહત્તમ લાભ લેવાયો નથી એટલું જ નહીં ડાયરીશૈલીની અનિવાર્યતા પણ સિદ્ધ થઈ નથી.

ડાયરીમાં થતી, ઘટના પ્રસંગ કે સ્વપ્નની સિલસિલાવાર નોંધ સંદર્ભે, પૂર્વે 'ઝેર તો પીધાં છે જાણી જાણી' માં સત્યકામની ડાયરી દષ્ટાંત ગણીને, આયુષ્યના મધ્યભાગ જીવતો નાયક વર્ષો પૂર્વે ઘટેલી ઘટનાનાં સ્થળ, સમય, ઋતુ અને જે તે ઘટનામાં સંકળાનાર પાત્રો વિશેની વિગતો તેમજ તેમના સંવાદોની સુવ્યવસ્થિત નોંધ કરે ત્યારે તે ડાયરી લેખકની યાદદાસ્ત કેવી તો વિરલ અને સૂક્ષ્મ-તીક્ષ્ણ હશે ? એવો સવાલ ઉદ્ભવેલો ! વળી સત્યકામ ડાયરીલેખન કરતી વેળા તો અંધ છે તેથી આટલી લાંબી સુવ્યવસ્થિત ડાયરી એ શી રીતે લખી શક્યો હશે એ સવાલ પણ રહે. આટલો આડસંદર્ભ એ માટે નોંધ્યો કે વિવેચ્ય લઘુનવલમાં ડાયરીલેખન પ્રતિદિન તારીખવાર થયું છે, તેથી બનેલા બનાવોની નોંધ એ જ દિવસે-દિવસાંતે થઈ હોઈને નિરૂપિત વિગતોની ચોકસાઈ વિશે કશો પ્રશ્ન રહેતો નથી."[૩૩]

## ૧૧.૮. : સ્વપ્નપ્રયુક્તિનો વિનિયોગ અને તેના સાધક-બાધક પાસાં :

'મીરાં યાજ્ઞિકની ડાયરી'માં નિરૂપાયેલા સ્વપ્નો કૃતિની વિશિષ્ટતામાં અભિવૃદ્ધિ કરે છે. આ કૃતિમાં મીરાંને આવેલા અને તેણીએ પોતાની ડાયરીમાં નોંધેલા કુલ ત્રણ સ્વપ્નો

જોવા મળે છે. આ સ્વપ્નોનું અર્થઘટન લઘુનવલના ભાવસંદર્ભને સમજવામાં ઉપયોગી નીવડશે.

મીરાંની ડાયરીમાં ૧૮ ફેબ્રુઆરીના રોજ એક સ્વપ્ન નોંધેલું છે. જુઓ :

"આજ સવાર એક દહેશત સાથે જ પડી. ઊંઘમાંથી ઝબકીને મારા હાથ ચોટલા ફંફોસવા લાગ્યા. બંને સલામત હતા.

જાણે હું મારા ઘરના પાછળના કમ્પાઉન્ડમાં વચ્ચોવચ્ચ ચત્તીપાટ પડી છું. મારું માથું મોગરાના ક્યારામાં છે. ત્યાં મારા જમણા ચોટલા ઉપર સાપ ચડે છે, ઘેરો લીલો, ચમકતો, લાંબો, ભયથી મારો જીવ તાળવે ચોંટી ગયો હતો. ત્યાં કોઈ મને દૂરથી કહે છે કે 'ચોટલો કાપી નાખ.' અને હું કાતર લઈને ચોટલો કાપવા જાઉં છું ત્યાં મારી આંખ ઊઘડી જાય છે !"[૩૪]

વૃંદા મીરાંનો રૂમ છોડી બાજુના રૂમમાં રહેવા લાગે છે એ પછીનું આ સ્વપ્ન છે. મીરાંના વાળ ખૂબ જ સુંદર હતા. કોઢને કારણે એને લઘુતગ્રંથિ હતી પણ વાળનું તેને ગૌરવ હતું. સ્વપ્નમાં આવતો સાપ સદીઓથી કામેચ્છાનું પ્રતીક મનાય છે. અહીં પણ એ આ જ પ્રતીકાત્મક અર્થસંદર્ભ સાથે નિરૂપાયો છે. મીરાંના અચેતન માનસમાં પડેલી વૃંદા સાથેની કામેચ્છાની લાગણી સાપના પ્રતીક દ્વારા અભિવ્યક્તિ પામી છે. પણ વાસ્તવમાં ચેતનસ્તરે વૃંદા હવે તેનાથી દૂર થઈ ગઈ છે એ ઘટના ચોટલો કાપવાના દશ્ય દ્વારા સાકારિત થઈ છે. ચોટલો કાપવાના દશ્ય દ્વારા મીરાંના ચિત્તમાં વકરી રહેલી લઘુતાગ્રંથિ અને એને કારણે વિકસી રહેલી આત્મહનનની વૃત્તિનો સંકેત મળે છે. તે પોતાને પ્રિય એવા ચોટલાને જ કાપી નાખે તો કામેચ્છા રૂપી સાપને કશાનું આકર્ષણ જ ન રહે એવો અર્થ આ સ્વપ્ન દ્વારા પ્રગટ થાય છે.

ડાયરીમાં ૧૨ મેના રોજ મીરાંનું એક સ્વપ્ન નોંધાયેલું છે તે જોઈએ : "....કમ્પાઉન્ડમાં મચ્છરદાની બાંધીને સૂતી. પવનને લીધે મચ્છરદાની હાલક-ડોલક થયા કરે. પગ ઠેરવવાની કોશિશમાં જ કંઈક આંખ લાગી ગઈ....

....થયું જાણે હું સમુદ્ર-શય્યા પર સૂતી છું....ચારે બાજુ ધીરે ધીરે ફરફરતાં શ્વેત રેશમી વસ્ત્ર જેવો વિસ્તાર....ઉપર આછી ગુલાબી મચ્છરદાની.....ચંદ્રના અજવાળામાં હળવે-હળવે ડોલતી....મારા હાથ સમુદ્રની આછી લહેરોને પસવારતા હતા....એકાએક

એક મોજું મારતે ઘોડે ધસી આવ્યું....હું એક જ ઘૂંટડે પી ગઈ અને....પીતાં જ ખરવા માંડી, એક પછી એક મારી દીવાલો....ને ખીલેથી છૂટી ગયાં મારાં ઝરણાં....પીછો કરતાં કરતાં પહોંચી ગઈ હું એક ટેકરી પર...ટોચે ચડી નીચે જોતાં આંખે ફરી વળ્યાં અંધારાં....ને ખસી ગયો મારો પગ....એ....એ....ને હું પથારીમાં બેઠી થઈ ગઈ."[૩૫]

અહીં "ચારે બાજુ ધીરે ધીરે ફરફરતાં શ્વેત રેશમી વસ્ત્ર જેવો વિસ્તાર....ઉપર આછી ગુલાબી મચ્છરદાની" દ્વારા કોઢને કારણે મીરાંના કાબરચીતરા દેખાવનું વિરોધાત્મક રીતે સૂચન કર્યું છે. મનોવિશ્લેષણશાસ્ત્રમાં સ્વપ્નની આ પણ એક પ્રયુક્તિ છે. જેમાં અચેતનમાનસમાં પડેલી કોઈ ગ્રંથિ સ્વપ્નસ્તરે (અર્ધચેતનસ્તરે) આવવા પ્રયાસ કરે છે. આ ગ્રંથિ પોતાના યથાતથ રૂપમાં સ્વપ્નસ્તરે નથી આવતી બલ્કે વિરોધાત્નક રૂપે પ્રગટ થાય છે. આ પ્રક્રિયામાં મૂળ ગ્રંથિના લક્ષણો સ્વપ્નમાં તદ્દન તેનાથી વિરોધી રૂપે પ્રગટ થાય છે. અહીં પણ આ પ્રયુક્તિનો વિનિયોગ થયો છે. 'શ્વેત રેશમી વસ્ત્ર જેવો વિસ્તાર' શબ્દ મીરાંના અચેતન માનસમાં ઘર કરી ગયેલા (કોઢને કારણે કાબરચીતરા દેખાતા પોતાના દેખાવના) લઘુતાભાવને સૂચવે છે.

આ સ્વપ્નમાં મીરાંના વૃંદા સાથેના સંબંધનો પણ સંકેત મળે છે. "એક મોજું મારતે ઘોડે ધસી આવ્યું" દ્વારા એ વૃંદાનું મીરાંના જીવનમાં થયેલું આગમન સૂચવે છે. વૃંદાના આવતાંની સાથે તેનો આત્મવિશ્વાસ વધે છે અને લઘુતાગ્રંથિની દીવાલો ખરવા માંડે છે. તો મીરાં વૃંદા સાથે રાગાનુરાગ અનુભવે છે એ બાબતને "ને ખીલેથી છૂટી ગયાં મારાં ઝરણાં" એ રીતે અભિવ્યક્ત કરી છે. વૃંદા સાથે શરૂ થયેલો સંબંધ સજાતીય સંબંધની કક્ષાએ પહોંચી જાય છે એ વાતની પ્રતીતિ "પીછો કરતાં કરતાં પહોંચી ગઇ હું એક ટેકરી પર..." એવા નિરૂપણમાં થાય છે. તો "ટોચે ચડી નીચે જોતાં આંખે ફરી વળ્યાં અંધારાં....ને ખસી ગયો મારો પગ....એ....એ....ને હું પથારીમાં બેઠી થઈ ગઈ." એવી સ્વપ્નગત પંક્તિ દ્વારા જેની સાથે હૃદયના ખૂબ ઊંડાણના તાર જોડાયેલા છે એવી વૃંદાના જવાથી (ડૉ. અજિત સાથે સંબંધ સ્થપાવાથી વૃંદા મીરાંને છોડી દે છે) નિરાધારપણું અનુભવતી મીરાંની મનઃસ્થિતિનું સાંકેતિક નિરૂપણ અહીં જોઈ શકાય છે.

મીરાંના સ્વપ્નનો આવો અર્થ ઘટાવી શકાય એ સાથે સાથે એ પણ બરાબર કળી શકાય છે કે કોઈ સાહિત્ય કૃતિને સુંદર બનાવવા તેની સાહિત્યિકતામાં અભિવૃદ્ધિ કરવા

યોજાયેલી સ્વપ્નપ્રયુક્તિ જેટલું સામર્થ્ય આ સ્વપ્નમાં નથી. કહેવાનો અર્થ એ છે કે મનોવિશ્લેષણાત્મક દષ્ટિકોણથી અર્થઘટન થઈ શકે એટલું સક્ષમ આ સ્વપ્ન નથી. તેમાં નિરૂપાયેલી સામગ્રી તદ્દન બોલકી છે. જ્યારે સ્વપ્ન તો મૂળ સામગ્રીને વધુમાં વધુ છૂપાવીને અભિવ્યક્તિ પામે છે.

ડાયરીમાં ૧૨ જૂનના પૃષ્ઠ ૫૨ મીરાં પોતાને આવેલું એક સ્વપ્ન રજૂ કરે છે, જેમાં તે પોતાને 'સુપર વુમન' તરીકે જુએ છે. મીરાંનું આ સ્વપ્ન વિગતે જોઈએ :

"અત્યારે રાતના બાર વાગે છે. એકદમ વિસ્મય સાથે આંખ ઊઘડી છે. સપનામાં સુપર વુમનના પાત્રમાં હતી હું..

કોઈ શહેરનો રસ્તો પાર કરીને એક વિશાળ ખુલ્લા મેદાનમાં આવી ઊભી છું. ચારે બાજુ પીળાં ફૂલોનો સમુદ્ર હિલ્લોળા લે છે. અચાનક મારા હાથ પહોળા થઈ જાય છે. અધધધ કહેતાં જ અદ્ધર ઊંચકાઉં છું, અને માંડું છું ઊડવા દૂર....દૂર....હવામાં હાથનાં હલેસાં મારતી; પણ ક્યાંય વાદળી આકાશ દેખાતું નથી, સિવાય કે વાંસતી આભાવાળો અવકાશ. ઊડતી ઊડતી હું લેન્ડ થાઉં છું. એ જગ્યા 'ગ્લાઈડર્સ ક્લબ' છે. ત્યાં બે જણ પીઠ ફેરવીને ઊભા છે. હું ઉતાવળે પૂછું છું, 'મને ઊડતાં શીખવશો ?' એમાંનો એક મારી તરફ ફરે છે અને પૂછે છે, 'તારી પાસે ઊડવાનો કોશ્ચ્યુમ છે ?' એનો ચહેરો જોતાં જ હું ચોકી ઊઠું છું....

ઉજાસ... અને આ રીતે મારા સ્વપ્નમાં ?....

સમજાતું નથી મને થયું છે શું ?"[૩૬]

આ સ્વપ્ન મીરાંના જીવનમાં માર્ક્સવાદી કવિ ઉજાસનું આગમન થયું એ પછીનું છે. અત્યાર સુધી જેનાથી પ્રોત્સાહિત હતી એ વૃંદાના જવાથી મીરાં નિરાધારપણું અનુભવે છે. પરંતુ ઉજાસના આવવાથી તે ફરી ઉત્સાહમાં આવે છે. ઉજાસના આવવાથી તેના અચેતન માનસમાં પડેલી ઇડગત ઇચ્છાઓ ફરી સળવળે છે. ઉજાસ મારફતે પોતાની ઇડગત ઇચ્છઓ પરિતૃપ્ત થશે એવી મનેચ્છા ધરાવતી મીરાં સ્વપ્નમાં પોતાને 'સુપર વુમન' રૂપે જુએ છે. સ્વપ્નમાંથી જાગેલી મીરાંને પોતાને જ નથી સમજાતું કે પોતાને શું થયું છે. આમ પણ મનોવૈજ્ઞાનિક દષ્ટિએ જોઈએ તો સ્વપ્નમાં જે ઘટનાઓ ઘટે છે એ જાગ્રતાવસ્થામાં સમજની બહાર હોય છે. મીરાં સ્વપ્નમાંથી જાગ્રતાવસ્થામાં આવે છે ત્યારે તેણી પોતાની

જાતને સુપર વુમન તરીકે શા માટે જુએ છે અને ઉજાસ સાથે આ બધાંનો શો સંબંધ છે એ સમજાતું નથી. એ રીતે આ સ્વપ્ન સફળ રહ્યું છે. તેમ છતાં અહીં પણ સ્વપ્ન બોલકું તો બની જ જાય છે.

## ૧૧.૯. : લઘુનવલકથાના અંતની પ્રતીકાત્મકતા :

નવલકથાના આરંભમાં આવે છે તેમ મીરાંના વાળ ખૂબ જ સુંદર હોય છે. મીરાંને પોતાના વાળ ગમે પણ ખૂબ છે. તે પોતાના 'કેશપાશ' માં કોઈકને બાંધવાના સપનાં સેવે છે. પરંતુ લઘુનવલકથાના અંતમાં મીરાં સ્વયં પોતાના વાળ-ચોટલાને કાપી નાખે છે. આ આખી ઘટના પ્રતીકાત્મક (Symbolic) છે. વૃંદા અને ઉજાસ દ્વારા પ્રાપ્ત થયેલ 'ભ્રમનિરસનજન્ય વેદના' ને કારણે તે નિરાશા અને હતાશાના વમળોમાં અટવાય જાય છે. પોતાના કેશપાશમાં કોઈકને બાંધવાની આતુરતા દાખવતી મીરાં અંતે વાળ કાપવાની પ્રતીકાત્મક ઘટના દ્વારા દરેક વ્યક્તિ અને સમાજ સાથેનો પોતાનો સંબંધ જ કાપતી હોય એવું જણાય છે. મીરાંના જન્મદિવસ નિમિત્તે વૃંદા કાર્ડ મોકલે છે. મીરાં કાતર લઈ એ કાર્ડ કાપી નાખે છે. આ ઘટના પણ મીરાં વૃંદાથી પણ નિરાશ થઈ છે અને હવે તેની સાથે કોઈ પણ જાતનો સંબંધ નથી રાખવા માગતી એવા પ્રતીકાત્મક અર્થઘટનની સબળતાપૂર્વક પ્રતીતિ કરાવે છે.

## ૧૧.૧૦. : ઉપસંહાર :

બંધારણની દષ્ટિએ જોઈએ તો લઘુનવલ સુંદર કલાઘાટ ધરાવે છે. ડાયરીશૈલીના કારણે મીરાંનું વ્યક્તિત્વ સારી રીતે ઊઠાવ પામ્યું છે. સર્જક કથાંતર્ગત મીરાંના વ્યક્તિત્વ વિશે વિવક્ષિત પ્રત્યેક પાસાંને ડાયરીશૈલી ઉપકારક નીવડી છે. લઘુનવલની ભાષા પણ એકદમ સરળ અને ત્વરિત પ્રત્યાયનનો ગુણ ધરાવે છે. જો કે લઘુનવલકથામાં નિરૂપાયેલા સ્વપ્નો કથાંતર્ગત મનોવૈજ્ઞાનિક આબોહવા રચવામાં બહુ સફળ નથી થયા. સ્વપ્નો તદ્દન બોલકા છે. એ સ્વપ્નો દ્વારા મીરાંના વ્યક્તિત્વને કોઈ વળ નથી ચડતો કે નથી તેના વ્યક્તિત્વ પર કોઈ પ્રભાવક અસર થતી. અર્થાત્ આ સ્વપ્નો નવલકથાની સાહિત્યિક કે

રસકીય સમૃદ્ધિમાં અભિવૃદ્ધિ નથી કરી શકતા. તેમ છતાં નાયિકા મીરાંના વ્યક્તિત્વે સાકારિત કરવામાં લેખિકા સફળ રહ્યા છે એ આ નવલકથાનું જમા પાસું છે. એ ન ભૂલીએ તો નવલકથાની રસકીય સૃષ્ટિને સારી રીતે આકલિત કરી શકાય એમ છે. આ સાથે લઘુનવલકથાના કવર પેજ પર લખાયેલ લખાણ મીરાંના સમગ્ર વ્યક્તિત્વને અને લઘુનવલકથાના હાર્દને સમજવામાં સહાયરૂપ થાય એમ છે તેની નોંધ લઈએ :

"'મીરાં યાજ્ઞિકની ડાયરી' લઘુનવલ આપણી ચેતનાને અનેક રીતે ઝંકૃત કરે છે, વિસ્તારે છે. મીરાં નખશિખ સંવેદનશીલ અને એટલી જ બૌદ્ધિક છે. સતત એની શોધ માટે એ સ્વ-ને બચાવ્યા સિવાય, સમગ્ર અસ્તિત્વથી પૂરા પરિવેશ, વિવિધ પાત્રો અને પરિસ્થિતિનો સહજ સ્વીકાર કરે છે. સંવેદનાના સ્તરે એ જે કંઈ અનુભવે છે તે બધું જ નોંધે છે કશાય છોછ-દંભ-ગ્રહ કે દાવા વિના, સર્જનાત્મક રીતે. એથી જ એની ભાષામાં અરૂઢ એવી સ્વાભાવિકતા આવી છે. જાતને પણ નિર્મમ બનીને સરાણે ચડાવતી આ અંગત નોંધ જીવન સાથેની ઊંડી નિસ્બતમાંથી આવી છે, એટલે આ ડાયરી માત્ર મીરાં યાજ્ઞિકની બની રહેવાને બદલે કોઈ પણ સંવેદનશીલ-બૌદ્ધિક ચેતનાનો અંશ પણ બની રહે છે. અહીં આવતો કરુણ પણ સૌંદર્ય-પ્રેમની શોધોપાસનાને અંતે આવ્યો હોઈ આપણને અંદરથી હચમચાવી જાય છે. વૃંદા અને ઉજાસમાં છેક મૂળ લગી ઊંડે ઊતરી જઈ પોતાને પામવા મથતી મીરાંની આ જોખમી મથામણને 'માણસ'ની મથામણમાં રૂપાંતરિત થતી જોઈ શકાય છે."

## ૧૧.૧૧. : પાદટીપ :

૧. મીરાં યાજ્ઞિકની ડાયરી, બિન્દુ ભટ્ટ; પ્રકાશન : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ; ૨જી આવૃત્તિ, ૧૯૯૬; પૃ. ૪૬

૨. મીરાં યાજ્ઞિકની ડાયરી, બિન્દુ ભટ્ટ (રમેશ ર. દવેનો અભ્યાસલેખ - મીરાં યાજ્ઞિકની ડાયરી : ભ્રમનિરસનજન્ય વેદનાની કથા); પ્રકાશન : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ; ૨જી આવૃત્તિ, ૧૯૯૬; પૃ. ૧૬૫

૩. મીરાં યાજ્ઞિકની ડાયરી, બિન્દુ ભટ્ટ; પ્રકાશન : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ; ૨જી આવૃત્તિ, ૧૯૯૬; પૃ. ૧૦

૪. એજન; પૃ. ૧૦

૫. એજન; પૃ. ૧૦

૬. એજન; પૃ. ૬૧

૭. મીરાં યાજ્ઞિકની ડાયરી, બિન્દુ ભટ્ટ (ગીતા નાયકનો અભ્યાસલેખ - સંવેદનની તીક્ષ્ણ ધાર પર ચાલતી મીરાં યાજ્ઞિકની ડાયરી); પ્રકાશન : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ; ૨જી આવૃત્તિ, ૧૯૯૬; પૃ. ૧૭૯

૮. મીરાં યાજ્ઞિકની ડાયરી, બિન્દુ ભટ્ટ; પ્રકાશન : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ; ૨જી આવૃત્તિ, ૧૯૯૬; પૃ. ૭

૯. એજન; પૃ. ૪૪

૧૦. એજન; પૃ. ૮૪

૧૧. નવલકથા-નિર્દેશ, રાધેશ્યામ શર્મા; પ્રકાશન : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; ૧લી આવૃત્તિ, ૨૦૦૧; પૃ. ૧૫૨

૧૨. મીરાં યાજ્ઞિકની ડાયરી, બિન્દુ ભટ્ટ; પ્રકાશન : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ; ૨જી આવૃત્તિ, ૧૯૯૬; પૃ. ૧૨

૧૩. મીરાં યાજ્ઞિકની ડાયરી, બિન્દુ ભટ્ટ (રમેશ ર. દવેનો અભ્યાસલેખ - મીરાં યાજ્ઞિકની ડાયરી : ભ્રમનિરસનજન્ય વેદનાની કથા); પ્રકાશન : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ; ૨જી આવૃત્તિ, ૧૯૯૬; પૃ. ૧૬૮

૧૪. મીરાં યાજ્ઞિકની ડાયરી, બિન્દુ ભટ્ટ; પ્રકાશન : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ; ૨જી આવૃત્તિ, ૧૯૯૬; પૃ. ૩૦

૧૫. એજન; પૃ. ૩૨

૧૬. એજન; પૃ. ૩૬

૧૭. એજન; પૃ. ૪૮

૧૮. એજન; પૃ. ૫૭

૧૯. એજન; પૃ. ૬૦

૨૦. એજન; પૃ. ૬૩

૨૧. નવલકથા-નિર્દેશ, રાધેશ્યામ શર્મા; પ્રકાશન : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; ૧લી આવૃત્તિ, ૨૦૦૧; પૃ. ૧૫૨

૨૨. મીરાં યાજ્ઞિકની ડાયરી, બિન્દુ ભટ્ટ; પ્રકાશન : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ; ૨જી આવૃત્તિ, ૧૯૯૬; પૃ. ૭

૨૩. નવલકથા-નિર્દેશ, રાધેશ્યામ શર્મા; પ્રકાશન : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; ૧લી આવૃત્તિ, ૨૦૦૧; પૃ. ૧૫૩

૨૪. મીરાં યાજ્ઞિકની ડાયરી, બિન્દુ ભટ્ટ (રમેશ ર. દવેનો અભ્યાસલેખ - મીરાં યાજ્ઞિકની ડાયરી : ભ્રમનિરસનજન્ય વેદનાની કથા); પ્રકાશન : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ; ૨જી આવૃત્તિ, ૧૯૯૬; પૃ. ૧૬૫

૨૫. મીરાં યાજ્ઞિકની ડાયરી, બિન્દુ ભટ્ટ; પ્રકાશન : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ; ૨જી આવૃત્તિ, ૧૯૯૬; પૃ. ૫૨

૨૬. એજન; પૃ. ૫૨

૨૭. મીરાં યાજ્ઞિકની ડાયરી, બિન્દુ ભટ્ટ (લાભશંકર ઠાકરનો અભ્યાસલેખ - મીરાં યાજ્ઞિકની ડાયરી વિશે); પ્રકાશન : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ; ૨જી આવૃત્તિ, ૧૯૯૬; પૃ. ૧૭૮

૨૮. મીરાં યાજ્ઞિકની ડાયરી, બિન્દુ ભટ્ટ; પ્રકાશન : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ; ૨જી આવૃત્તિ, ૧૯૯૬; પૃ. ૬૩

૨૯. એજન; પૃ. ૮૨

૩૦. એજન; પૃ. ૧૫૪

૩૧. મીરાં યાજ્ઞિકની ડાયરી, બિન્દુ ભટ્ટ (રમેશ ર. દવેનો અભ્યાસલેખ - મીરાં યાજ્ઞિકની ડાયરી : ભ્રમનિરસનજન્ય વેદનાની કથા); પ્રકાશન : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ; ૨જી આવૃત્તિ, ૧૯૯૬; પૃ. ૧૭૦

૩૨. મીરાં યાજ્ઞિકની ડાયરી, બિન્દુ ભટ્ટ (લાભશંકર ઠાકરનો અભ્યાસલેખ - મીરાં યાજ્ઞિકની ડાયરી વિશે); પ્રકાશન : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ; ૨જી આવૃત્તિ, ૧૯૯૬; પૃ. ૧૭૫

૩૩. મીરાં યાજ્ઞિકની ડાયરી, બિન્દુ ભટ્ટ (રમેશ ર. દવેનો અભ્યાસલેખ - મીરાં યાજ્ઞિકની ડાયરી : ભ્રમનિરસનજન્ય વેદનાની કથા); પ્રકાશન : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ; ૨જી આવૃત્તિ, ૧૯૯૬; પૃ. ૧૭૧

૩૪. મીરાં યાજ્ઞિકની ડાયરી, બિન્દુ ભટ્ટ; પ્રકાશન : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ; ૨જી આવૃત્તિ, ૧૯૯૬; પૃ. ૭૫

૩૫. એજન; પૃ. ૧૦૨

૩૬. એજન; પૃ. ૧૨૭

૩૭. મીરાં યાજ્ઞિકની ડાયરી, બિન્દુ ભટ્ટ(પાછળના કવર પેજ પરનું લખાણ - લેખકનું નામ નથી દર્શાવેલ); પ્રકાશન : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ; ૨જી આવૃત્તિ, ૧૯૯૬; પૃ. (પાછળનું કવર પેજ)